**C.C.No.**3286/2024.

| GJRJ050039222024 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૧૯/૧૨/૨૦૨૪. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૧૯/૧૨/૨૦૨૪. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૧ ૨ ૨૦ |

**મહે.જેતપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની**

**કોર્ટમાં, મુ.જેતપુર, જિ.રાજકોટ.**

ફોજદારી કેસ નં.૩૨૮૬/૨૦૨૪.

ઉ.ગુ.ર.નં.૦૪૬૪/૨૦૨૪.

આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** (૧) લગધીરભાઈ ઉર્ફે હકો દેપાભાઈ માવલીયા ઉ.વ.૫૦ રહે.પેઢલા ગામ જેતપુર જિ.રાજકોટ.

(૨) અરજણ ઉર્ફે અજય લગધીરભાઈ માવલીયા ઉ.વ.૨૦ રહે.પેઢલા ગામ જેતપુર જિ.રાજકોટ.

---

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. આર.કે.વસાવા.

આરોપી તરફે વિદ્ધાન વકીલ એન.બી.પંડયા

---

---

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫ બી, સી, ડી, ઈ, એફ, ૮૧ મુજબ.

---

## // ચુ કા દો //

(૧) આ કેસમાં આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૫ બી, સી, ડી, ઈ, એફ, ૮૧ મુજબ ગુનો નોધવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ કલાકઃ૨૦.૦૫ થી ૨૧.૦૫ આ કામના આરોપીએ પેઢલા ગામે જગદીશ ડાઈંગ દીવાલ પાસે હોકળા કાંઠે દેસી દારુ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ લી.૧૫૦ કિ.રૂ.૩૦,૦૦૦/– તથા દેશી દારુ આથો લી.૧૮૦૦ કિ.રૂ.૪૫૦૦૦/– તથા ભઠ્ઠીના સાધનો કિ.રૂ.૨૫૦૦/– બેરલ નંગ–૧૧ કુલ કિ.રૂ.૮૩૦૦૦/– ના મુદ્દામાલ રાખી મળી આવતાં, ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ– ૬૫ બી, સી, ડી, ઈ, એફ, ૮૧ મુજબનો ગુનો કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પૂરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને સમન્સ બજી હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ

પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને તેઓને તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા ગુનો કબૂલ છે કે નહિ તે અંગે પૂછતા તેઓ ગુનો કબૂલ નથી એવું જણાવતા કોર્ટની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ હર્ષદભાઈ પ્રતાપભાઈ લોઢવીયાની જુબાની. | ૧૧ |
| ૨ | પંચનામું. | ૧૨ |
| ૩ | પંચ સાહેદ ચેતન રવિભાઈ સોલંકીની જુબાની. | ૧૩ |
| ૪ | ફરીયાદી જસંવતભાઈ બાવનજીભાઈ સારીખડાની જુબાની | ૧૬ |
| ૫ | ફરીયાદ | ૧૭ |

(૫) ફરિયાદપક્ષે પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપી પોતે નિર્દોષ છે એવું જણાવેલ છે અને ફરિયાદને ખોટી જણાવેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું તા.૧૦/૧૧/૨૦૨૪ ના રોજ કલાકઃ૨૦.૦૫ થી ૨૧.૦૫ આ કામના આરોપીએ પેઢલા ગામે જગદીશ ડાઈંગ દીવાલ પાસે હોકળા કાંઠે દેસી દારુ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ લી.૧૫૦ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા દેશી દારુ આથો લી.૧૮૦૦ કિ.રૂ.૪૫૦૦૦/- તથા ભઠ્ઠીના સાધનો કિ.રૂ.૨૫૦૦/- બેરલ નંગ-૧૧ કુલ કિ.રૂ.૮૩૦૦૦/- ના મુદ્દામાલ રાખી મળી આવતાં, ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ- ૬૫ બી, સી, ડી, ઈ, એફ, ૮૧ મુજબનો ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

**// કા ર ણો //**

(૧૦) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરનો પુરાવો તથા ફરિયાદપક્ષે ફરીયાદી તેમજ પંચ સાહેદોની જુબાની તથા ફરિયાદ તથા પંચનામું જોતાં જણાઈ આવે છે કે, ફરિયાદની હકીકતના અનુસંધાને તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં

આવેલ નથી. મુદ્દામાલની રેડ પંચોને સાથે રાખીને કરવામાં આવેલી હોય અને મુદ્દામાલ  દારૂ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવું પંચ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષ દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે જેથી પંચનામાને સમર્થન મળતું નથી. તેમજ ફરીયાદીએ તેમના ફરજના ભાગરુપે કરેલ કામગીરી અંગેનો પુરાવો રજુ કરેલ છે. વધુમાં આરોપીના શરીરના બાંધાનું કોઈ વર્ણન કરેલ નથી. જેથી મુદ્દામાલનો કબજો આરોપી પાસે હતો તે હકીકત પણ નિઃશંકપણે સાબિત થતી નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દેશી દારૂ તેમજ દેશી દારુ બનાવવાનો આથો જ હતો, તે બાબતનું એફ.એસ.એલ.નું સર્ટિફિકેટ પણ રજૂ નથી, દારૂના કેસમાં મળી આવેલ મુદ્દામાલ દેશી દારૂ તેમજ આથો જ હતો તેમ નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતું ન હોય આરોપીઓને શંકાનો લાભ મળવા પાત્ર છે.

(૧૧) આમ, આ કામના આરોપીએ પાસ પરમિટ વગર ગેરકાયદેસર રીતે દેશી દારુ તેમજ દેશી દારૂ બનાવવાનો આથો પોતાના કબજામાં રાખેલ હોય તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે સાબિત થતી નથી. આમ, આ કેસમાં રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓની સામેના ગુનામાં તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી

પુરાવાનો અભાવ હોય મુદ્દા નં-૧નો જવાબ હું નકારમાં આપું છું, જેથી મુદ્દા નં-૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

૧. આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ- ૬૫ બી, સી, ડી, ઈ, એફ, ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/- ના જામીન રજૂ કરવા.

૩. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC-GJ01563.

Typed by:- K.M.Vaja,

Gujarati Stenographer